વડીલોને વંદન

અભિનંદન

ચંદ્રાબેન શ્રીમાળી
(૧૯૫૦) ફોન : ૨૩૨૩૯૫૭

હાટકેશ પરિવાર કલ્યાણ નિધિની ૪થીએ બેઠક

ગાંધીનગર, તા. ૨

શ્રી હાટકેશ પરિવાર કલ્યાણ નિધિ ગાંધીનગરની વાર્ષિક સામાન્ય સભા તા. ૪થી ઓગષ્ટ-૨૦૧૩ને રવિવારે સવારે ૧૦ કલાકે મુક્તાગૌરી સ્વજનગૃહ, સિવિલ હોસ્પિટલ કમ્પાઉન્ડ ખાતે યોજાશે. સામાન્ય વાર્ષિક સભામાં વર્ષ-૨૦૧૩ના વાર્ષિક હિસાબો તેમજ અન્ય પ્રશ્નો અંગે ચર્ચા વિચારણા કરવામાં આવશે. કલ્યાણ નિધિના સર્વે સભ્યોને હાજર રહેવા મંત્રી જયંત બૂચે ખાસ જણાવ્યું છે.

સે.૮માં ગંદકીના ઉકરડા

ગાંધીનગર, તા. ૨

સેકટર-૮માં સરકારી પ્લોટો ખાલી છે. જેમાં ગંદકી ખૂબ વધી ગઈ છે. વૃક્ષો મોટા થઈ ગયા છે. ઘાસ ઉગી ગયું છે. જેમાં લોકો કચરો ઠાલવે છે. સફાઈ કામ રસ્તાઓ ઉપર થાય છે. મરેલા પશુ, ગંદકી પાણી ભરાવાથી રોગચાળાનો ભય વધી ગયો છે. ખાનજી પ્લોટોમાં ગંદકીના ઢગલા થાય છે. તો ભયંકર રોગચાળાની વસાહતીઓનાં ભીતીથી ગભરાયા છે. સત્તાવાળાઓએ તાત્કાલી જરૂરી કાર્યવાહી કરવા માગણી કરેલ છે.

દશામા ભુવાઓથી સાવધ રહો વિજ્ઞાન જાથાનો અનુરોધ

દશામાનું વ્રત નજીક આવી રહ્યું છે. ત્યારે ભારત જનવિજ્ઞાન જાથાએ રાજ્યમાં દશામાના નામે ધુણીને છેતરપિંડી કરતા ઢોંગી ભુવાઓથી સાવધાન રહેવા જણાવેલ છે. ૧૪૫૦ મહિલાઓને જાથાએ ધૂણતી બંધ કરેલ છે. ૫૧૦ ભુવાઓનો પર્દાફાશ કરેલ છે. વ્રત વખતે મૂર્તિઓને પીવાના પાણીમાં ન પધરાવા જાથાએ અપીલ કરેલ છે.

છેલ્લા એક દાયકામાં જિલ્લામાં વૃક્ષોની સંખ્યામાં નોંધપાત્ર વધારો

જિલ્લામાં દાયકા પૂર્વે ૧૨૩.૫૯ લાખ વૃક્ષો હતા ૨૦૧૩માં ૧૩૩.૮૧ લાખ વૃક્ષો હોવાનો અંદાજ

ગાંધીનગર, તા. ૨

છેલ્લા એક દાયકા દરમિયાન સમગ્ર જિલ્લામાં પ્રતિ હેક્ટર વૃક્ષોનું પ્રમાણ નોંધપાત્ર વધ્યું છે. વર્ષ ૨૦૦૩માં જિલ્લામાં વૃક્ષોની સંખ્યા ૧૨૩.૫૯ લાખ હતી જ્યારે હાલ ચાલુ વર્ષે જિલ્લામાં ૧૩૩.૮૧ લાખ વૃક્ષો હોવાનુ મનાય છે. જે મુજબ પ્રતિહેક્ટર વિસ્તાર સહીત જિલ્લામાં વૃક્ષોની સંખ્યા વધતા હરિયાળીમાં નિખાર આવ્યો હોવાનું ધ્યાને આવ્યું છે.

વર્ષ-૨૦૧૩ના અંતમાં પાંચ વર્ષના અંતે વન વિભાગ દ્વારા જિલ્લામાં વૃક્ષ ગણતરી હાથ ધરવામાં આવી હતી. જ્યારે શહેરી વિસ્તારમાં પણ વર્ષ ૨૦૧૧માં વૃક્ષ ગણતરી હાથ ધરાઈ હતી. બીન જંગલ વિસ્તારની ગણતરીના અંતે છેલ્લા એક દાયકામાં વૃક્ષોની સંખ્યામાં નોંધપાત્ર નિખાર આવ્યો હોવાનું ધ્યાને આવ્યું છે. વર્ષ ૨૦૦૩માં જિલ્લામાં પ્રતિહેક્ટર ૫૭.૬૯ વૃક્ષો હતા. જ્યારે ૨૦૦૩ના વર્ષની સાપેક્ષમાં હાલ ૨૦૧૩માં ૬૩.૨૬ વૃક્ષ પ્રતિહેક્ટર છે. દાયકા પૂર્વે જિલ્લામાં ૧૨૩.૫૯ લાખ વૃક્ષોની સંખ્યા નોંધાઈ હતી, જ્યારે વર્ષ ૨૦૧૩માં જિલ્લામાં ૧૩૩.૮૧ લાખ વૃક્ષો અસ્તિત્વ ધરાવે છે. વર્ષ ૨૦૧૩ ગણતરી દરમિયાન જિલ્લાના ૨૯૧ ગામો પૈકી ૫ ટકા અલબત્ત ૧૪ ગામોમાં તમામ વૃક્ષોની ગણતરી થઈ હતી. જેના આધારે તમામ તાલુકાઓના અંદાજ પરથી જિલ્લાની સંખ્યાનો તાગ મેળવવામાં આવ્યો હતો.

પેથાપુરમાં પરણિતાનો આપઘાત

૩ સંતાનોની માતાએ અગમ્યકારણ સર ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર નજીક આવેલ પેથાપુર ગામની સંજરી પાર્ક સોસાયટીમાં રહેતી ૨૭ વર્ષીય ૩ સંતાનની માતાએ અગમ્યકારણો સર પોતાનાજ ઘરમાં ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી જવા પામી હતી. આ આત્મહત્યા મામલે મૃતકના દિયરની ફરિયાદના આધારે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર ગાંધીનગર શહેર નજીક પેથાપુર ગામે સંજરીપાર્ક સોસાયટી આવેલી છે. જે સોસાયટીના વિભાગ નં.૨ના પ્લોટ નં. ૧૧માં ઈરશાદભાઈ ગુલામહુસૈન કુરેશી તેમની પત્ની મહેથુનાબાનુ અને ૩ સંતાનો સાથે રહે છે. સાત વર્ષ અગાઉ બંનેના લગ્ન થયા હતા અને મહેથુનાબાનું ઘરકામ કરે છે. દરમિયાન જે બપોરના સમયે એકલતાનો લાભ લઈ પોતાના જ ઘરમાં મહેથુનાબાનુએ અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. બાદમાં આ ઘટના અંગે પરિવારજનોને જાણ થતાં મૃતકના દિયરે પોલીસ મથકમાં જાણ કરી હતી જેના આધારે પેથાપુર પોલીસે આત્મહત્યાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

માલગઢ ગામ પાસે સ્કૂલ બસ અને જીપ વચ્ચે અકસ્માતમાં ૪૦થી વધુ વિદ્યાર્થી ઘાયલ

ડીસા, તા. ૨

ડીસાથી ભીલડી રોડ પર આવેલ લચ્છાજી હિન્દુજી આદર્શ વિદ્યાલય સ્કૂલ બસના સમીસાંજે સ્કૂલ છૂટ્યા બાદ અકસ્માત થયો હતો અને આ સ્કૂલ બસ

એક જીપ સાથે અથડાઈ પલટી ખાતા ૪૦ થી વધુ સ્કૂલના વિદ્યાર્થી ઘવાયા હતા. ડીસા હાઈવે પર સામેથી આવી રહેલી પેસેન્જર જીપ સ્કૂલ બસ સાથે ટકરાતાં સ્કૂલ બસમાં બેસેલ ૪૦ જેટલા વિદ્યાર્થીનીઓને ગંભીર ઈજાઓ પહોંચી હતી, તેમજ પેસેન્જર જીપમાં બેસેલ ૪ થી વધુ વ્યક્તિઓને ઈજાઓ પહોંચતા તમામને

તાત્કાલિક ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા હતા.

આ અકસ્માતની વિગતો જોઈએ તો ડીસાના માલગઢ ગામ આવેલી લચ્છાજી હિન્દુજી આદર્શ સ્કૂલની સ્કૂલ બસ ૪૦ થી વધુ વિદ્યાર્થીઓને લઈ સાંજના સમયે વિદ્યાર્થીઓને ઘેર ઉતારવા રવાના થઈ હતી. તેવા જ સમયે ભીલડી તરફથી આવતી એક પેસેન્જર જીપના ચાલકે બસને ગફલત ભર્યા ડ્રાઈવીંગે ટક્કર મારતા બસ પલટી ખાઈ ગઈ હતી અને તેમાં બેસેલા માસુમ વિદ્યાર્થીઓ ગંભીર રીતે ઘાયલ થયા હતા. જે બાદ ૧૦૮ અને અન્ય વાહનોમાં ઘાયલોને વિવિધ હોસ્પિટલો અને ડૉ. મેહુલ મોઢની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા. જે બાદ રાહત અને મદદમાં સ્થાનિકો અને વિવિધ સંસ્થાઓ સાથે કેટલાક સેવાભાવી તબીબો

પણ જ્યાં જ્યાં આ ઘાયલ બાળકોને સારવાર અર્થે લઈ જવાય ત્યાં પહોંચી સારવાર હાથ ધરી હતી. આ અકસ્માતમાં સ્કૂલ બસ પલટી ખાઈ ગઈ હતી અને અનેકોને માથા હાથપગ સહીત શરીરના અન્ય અંગો પર ઈજાઓ થઈ હતી.

આ અકસ્માતમાં પેસેન્જર જીપમાં બેસેલા ૫ જેટલા મુસાફરો પણ ઘવાયા હતા. જે પૈકીના રમીલાબેન પીરાભાઈ, વૃદ્ધા લાશુબેન અમથાબેન અને બે વર્ષની બાળકી પ્રિયાબેન બચુભાઈ વધુ ઘાયલ થતા તેમને મહેસણાની સાઈ કૃપા હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા છે. આ મામલે ડીસા તાલુકા પોલીસે તપાસ હાથ ધરેલ છે.

નર્મદા ડેમે વિક્રમી ૧૨૯.૨૦ મીટરની સપાટી વટાવી દીધી

અમદાવાદ, તા. ૨

નર્મદા ડેમે વિક્રમી ૧૨૯.૨૦ મીટરની સપાટી કૂદાવી દેતા ભારે ઉત્તેજના ફેલાઈ ગઈ છે. નર્મદા નદીમાં આઠ લાખ ક્યૂસેક પાણી છોડવામાં આવ્યુ છે. પ્રચંડ પ્રવાહના કારણે નર્મદા નદી પણ ગાંડીતૂર બની હોવાના અહેવાલ મળ્યા છે. ગુજરાતની જીવાદારી નર્મદા ડેમના ઉપરવાસમાં મધ્યપ્રદેશમાં આવેલા ઘોડાપુરને કારણે ૩ ડેમોમાંથી સાગમેટ ૧૨.૫૨ લાખ ક્યુસેક પાણીનો વિપુલ જથ્થો છોડવામાં આવતા અત્યાર સુધીના ઈતિહાસમાં નર્મદા ડેમે શુક્રવારે બપોરે ૧ કલાકે ૧૨૯.૨૦ મીટરની વિક્રમ સપાટીને વટવી દીધી છે.

અત્યાર સુધીના ઈતિહાસમાં નર્મદા ડેમે ગત વર્ષ ૭ સપ્ટેમ્બર ૨૦૧૨માં ૧૨૯.૨૦ મીટરની વિક્રમી સપાટી સર કરી નવો રેકોર્ડ નોંધાવ્યો હતો. બપોરે ૨ કલાકે ગોલ્ડનબ્રીજ ખાતે નર્મદા નદીએ ૨૬ ફુટની સપાટી વટાવી જતા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ગોલ્ડનબ્રીજ, ઝૂપડપટ્ટી, દશાન બેટ અને અંકલેશ્વર તાલુકાના ખાલપીયા તેમજ સરકૂદીન ગામને ખાલી કરાવી ૫૦૦ લોકોનું સલામત સ્થળે સ્થળાંતર કરાવવામાં આવ્યું છે. આ વખતે નર્મદા ડેમ ઉપરવાસમાંથી આવેલા ફલડને કારણે તેના ટોપ લેવલ ૧૨૧.૯૨ મીટર ઉપરથી ભયાનક ધોધ સ્વરૂપે ૭.૨૮ મીટર ઉપરથી છલકાઈ ઉઠતા નર્મદા નદીમાં ઠલવાતા ૮ લાખ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું છે. તંત્ર દ્વારા સાવચેતીના પગલા લેવામાં આવ્યા છે. પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવામાં આવી રહી છે.

બક્ષીપંચ મોરચો તેમજ અનુસૂચિત જાતિ મોરચાની વરણી કરાઈ

ભારતીય જનતા પાર્ટી ગાંધીનગર જિલ્લા દ્વારા પ્રભારી કે.સી. પટેલ તેમજ જિલ્લા સંગઠનના પ્રમુખ નૈલેષભાઈ શાહ દ્વારા તાજેતરમાં જિલ્લા બક્ષીપંચ મોરચો તેમજ અનુસૂચિત જાતિ મોરચાના પદાધિકારીઓની જાહેરાત કરવામાં આવી હતી. જેમાં બક્ષીપંચ મોરચામાં પ્રમુખ તરીકે બ્રહ્મભટ્ટ ઘનશ્યામભાઈ બળદેવભાઈ ઉપપ્રમુખ તરીકે લીંબાચીયા રામભાઈ ગીરધરલાલ, ચૌહાણ બલરાજસિંહ કલ્યાણસિંહ, ઠાકોર નરેન્દ્રસિંહ શંકરસિંહ, મહામંત્રી તરીકે ઠાકર વિષ્ણુજી પ્રહલાજી, ચૌધરી ગાંડાભાઈ રેવાભાઈ, મંત્રી તરીકે ઠાકોર જયંતિજી રમતુજી, ઝાલા કેદારસિંહ પ્રભાતસિંહ, રાવળ મહેશભાઈ મેલાભાઈ ને કોષાધ્યક્ષ તરીકે હરીયાણી મહેન્દ્રભાઈની નિમણુંક કરવામાં આવી હતી. ગાંધીનગર જિલ્લા અનુસૂચિત જાતિ મોરચાના પ્રમુખ તરીકે પરમાર નરેન્દ્રકુમાર કાન્તિલાલ, ઉપપ્રમુખ તરીકે વાઘેલા હરીશભાઈ રામાભાઈ, પરીખ રાકેશભાઈ મુળજીભાઈ, પરમાર દલાભાઈ કાનાભાઈ, સેનમા સેંધાભાઈ શંકરભાઈ, મહામંત્રી તરીકે સોલંકી મનુભાઈ બેચરભાઈ, ગોહિલ બળદેવભાઈ બેચરભાઈ, મંત્રી તરીકે કાપડીયા દશરથભાઈ રાકેશભાઈ, રાઠોડ ભોગીલાલ જેણાભાઈ, સોલંકી ગણપતભાઈ બચુભાઈ, સોલંકી અર્પિતાબેન ચંદ્રકાન્તભાઈ, ભુતડીયા દક્ષાબેન કીરીટભાઈ તેમજ કોષાધ્યક્ષ તરીકે પરમાર ભીખાભાઈ ધનજીભાઈની વરણી સર્વાનુમતે કરવામાં આવી હતી.

ગાંધીનગર જિલ્લા ભાજપ બક્ષીપબંચ મોરચાના હોદ્દેદારોની વરણી

ગાંધીનગર જિલ્લા બક્ષી પંચ મોરચાના ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ તરીકે બ્રહ્મભટ્ટ ઘનશ્યામભાઈની વરણી કરવામાં આવી છે. બક્ષી પંચ મોરચાના ઉપપ્રમુખ તરીકે રામભાઈ લીંબાચીયા, બલરાજસિંહ ચૌહાણ, નરેન્દ્રસિંહ ઠાકોર, મહામંત્રી તરીકે વિષ્ણુજી ઠાકોર, ગાંડાભાઈ ચૌધરી, મંત્રી તરીકે જયંતી ઠાકોર, કેદારસિંહ ઝાલા, મહેશભાઈ રાવળ, અનિલભાઈ નાયક, બળદેવજી ઠાકોર અને કોષાધ્યક્ષ તરીકે હરીયાણી મહેન્દ્રભાઈની વરણી કરવામાં આવી છે.

નર્મદામાં ઘોડાપૂર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પાવીમાં ૬૯ મીમી, કવાંટમાં પર મીમી, શિનોરમાં ૬૧ મીમી, હાલોલમાં ૬૯ મીમી, જાંબુઘોડામાં ૬૨ મીમી, મોરવાહડફમાં ૬૭ મીમી, દેવગઢબારીયામાં ૫૫ મીમી, ચોર્યાસીમાં ૬૬ મીમી અને ધરમપુરમાં ૫૧ મીમી મળી કુલ ૧૪ તાલુકાઓમાં બે ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે. પ્રંચડ પ્રવાહના કારણે નર્મદા નદી પર ગાંડીતૂર બની બે કાંઠે વહેવા લાગી છે. જેના કારણે ભરૂચ, નર્મદા અને વડોદરા જિલ્લાના કાંઠા વિસ્તારનાં ૧૦૭થી વધુ ગામોને તંત્રએ એલર્ટ જાહેર કરી દીધા હતા.

માનવસાંકળ રચી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

માનવ સાંકળ રચી કોંગ્રેસના કાર્યકરોએ સૂત્રોચ્ચાર કરી કોર્પોરેશન કચેરીને ગજવી દીધી હતી. કાર્યકરોએ પ્રજા સાથે છેતરપીંડી નહિ વાસ્તવિક વિકાસની વાત કરવા અંગેના સૂત્રોચ્ચાર કર્યો હતો. જન્મદિને અન્યાય કરવાનો બંધ કરી સરકાર હકારાત્મક દાખવે તેવી માંગણી પણ કરવામાં આવી હતી.

ગાંધીનગર કોર્પોરેશનમાં આજે કોંગ્રેસે ઉજવેલી આ નોખી બર્થ ડે શહેરમાં પાછળથી રાજકીય ચર્ચાનો મુદ્દો બની હતી. જન્મદિનની ઉજવણી અંગે કોંગ્રેસ પ્રશ્નને વિશ્વાસમાં નહિ લેવાતાં આ નોખી ઉજવણીનો નિર્ણય કમને લેવાની ફરડ પડી હોવાનું કોંગી કાર્યકરોએ કહ્યું છે.

પાણી-ઊર્જા બચાવીએ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

કરતાં જણાવ્યું હતું કે ટ્રાફિકની સેન્સ પણ નથી અને વાહનોની સંખ્યામાં વધારો થયો છે. સરકારે આ વિકલ્પે જ માસ ટ્રાન્સપોર્ટેશન પર વધુ ભાર મુક્યો છે અને મહદ્અંશે સફળ પણ થઈ છે પરંતુ લોકો પાસે વધેલા નાણાંની રેલમછેલ છે. જમીનોના વેચાણમાંથી મેળવેલા વાહનો આડેધડ ચલાવાય છે એટલે સંપદાનો કરકસરપૂર્વક ઉપીયોગ જરૂરી છે.

શ્રીમતી આનંદીબેન પટેલે કુપોષણના દૂષણનો ઉલ્લેખ કરી જણાવ્યું હતું કે આ માટે ધાર્મિક સંસ્થાનો, સામાજિક અને સ્વૈચ્છીક સંગઠ્નો સાથે બેસી તિથિભોજન અને પૂરક આહારની યોજનાઓ તૈયાર કરી અમલી બનાવવા પદાધિકારીઓ આગળ આવે તે જરૂરી છે.

તેમણે ગાંધીનગરમાં પાણીના વેડફાટનો આડકતરો ઉલ્લેખ કરી મીટર પ્રથાનો વિકલ્પ ગંભીરતાથી વિચારણા કરવામાં આવી રહ્યાનો નિર્દેશ પણ આપ્યો હતો. તેમણે કહ્યુ કે આ મીટર પ્રથાને કારણે પાણીનો વેડફાટ અટકશે એટલુ જ નહિ આ માટે વીજ બિલ જે આવે છે તેમાં બચત થશે. તેમણે તેમના મત વિસ્તારમાં અમલી બનેલી આ પ્રથાથી થયેલા ફાયદા જણાવી તંત્રને તેમાં વિચારવા જણાવ્યું હતું.

ગાંધીનગર શહેરના સ્થાપના દિન નિમિત્તે આજરોજ મહાનગરપાલિકાને શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના હસ્તે રૂપિયા ૧ કરોડ ૯૨ લાખની કિંમતના ત્રણ ટ્રક માઉન્ટેડ રોડ સ્વીપર મશીન અર્પણ કરવામાં આવ્યા હતા. આધુનિક સિસ્ટમથી સજ્જ એક મશીન દિવસમાં ૨૫ કિલોમીટરની લંબાઈના માર્ગોની સફાઈ કરી શકે છે. નગરના ૪૯મા જન્મદિન નિમિત્તે આ સમારંભમાં મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના હસ્તે કેક કાપવામાં આવી હતી. તે ઉપરાંત મંત્રીશ્રીના હસ્તે ગુડા વિસ્તારમાં નિર્માણ પામનાર મકાનોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે જણાવ્યું હતું કે, રાજ્યના પાટનગર ગાંધીનગરની રચના તા. ૨ ઓગષ્ટ-૧૯૭૦ના રોજ કરવામાં આવી હતી. વર્ષ ૧૯૭૧માં નગરની વસ્તી માત્ર ૨૪ હજાર જ હતી. વર્ષ-૨૦૧૧માં નગરની વસ્તી ૨ લાખથી વધુને આંબી ગઈ છે. આવી પરિસ્થિતિ રાજ્યના તમામ શહેરની છે. જેના કારણે રાજ્યના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ વર્ષ-૨૦૦૫ને શહેરી વિકાસ વર્ષ તરીકે ઉજવવામાં આવ્યું હતું. તે પછી રાજ્યના નગરપાલિકા અને મહાનગરપાલિકાના વિસ્તારમાં ડ્રેનેજ અને પીવાના પાણીની સુવિધા માટે તથા અન્ય વિકાસ કામો માટે વિશેષ ગ્રાન્ટ આપવામાં આવે છે. તે ઉપરાંત મોટા અને અન્ય નાના શહેરોમાં મોટામાં મોટી ટ્રાફિકની સમસ્યા છે. આ સમસ્યાને લઈ અમદાવાદ શહેરમાં ૫ વર્ષમાં ૨૨ ઓવર બ્રિજ બનાવવામાં આવ્યા છે. તેની સાથે અનેક શહેરોમાં પણ પુલ બનાવવામાં આવ્યા છે. હાલના સમયે રાજ્ય સરકાર દ્વારા ૨૦ વર્ષ અગાઉનું વિચારીને વૈજ્ઞાનિક ઢબે રાજ્યમાં વિકાસના કામો કરવામાં આવી રહ્યાં છે.

આપનુ નગર કેવું હોવું જોઈએ તે કલ્પના સાથે આગળ વધવાનું કહી મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, નળ, ગટર અને રસ્તાની સુવિધા ધરાવતા હોય તેને નગર ન કહેવાય પરંતુ નગરનું હાર્દ બાગ-બગીચા છે. તેમજ નગરમાં રમતગમતનું મેદાન અને લાયબ્રેરીની સુવિધાઓ પણ જરૂરી છે. તેમણે પાણી બચાવવાની દ્દષ્ટાંત રૂપ વાત કરીને નગરમાં પાણીનો બચાવ કરવા માટે મીટર સિસ્ટમનો પ્રયોગ અમલી બનાવવા પણ મહાનગરપાલિકાના વહીવટ કર્તાઓને ભારપૂર્વક જણાવ્યું હતું. તેમજ આંગણવાડીના બાળકોને પોષણક્ષમ આહાર મળી રહે તે માટે ધાર્મિક સંસ્થાઓ અને અન્ય સંસ્થાઓનો સંપર્ક કરવા પણ ખાસ જણાવ્યું હતું.

ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણાએ જણાવ્યું હતું કે, રાજ્યના પાટનગર ગાંધીનગરને ગ્રીનસીટીનું બિરૂદ પાછુ મળે તે માટે આજે નગરના સ્થાપના દિને વૃક્ષારોપણ કરવામાં આવ્યું છે. આ બિરૂદ પરત મેળવવા મહાનગરપાલિકા દ્વારા સુચારૂ આયોજન પણ કરવામાં આવશે. ગ્રીનસીટી સાથે નગરને ક્લીન સીટી બનાવવા આ આધુનિક સિસ્ટમથી સજ્જ મશીન ઉપયોગી થશે. તે ઉપરાંત નગરજનોની માંગના કારણે ટુંક સમયમાં નગરમાં બે પાંચસો સીટની મર્યાદા ધરાવતા કોમ્યુનિટી હોલ બનાવવામાં આવશે. જેના માટે રાજ્ય સરકાર દ્વારા રૂપિયા ૬ કરોડની ગ્રાન્ટ પણ આપવામાં આવી છે. તેમજ રમતગમતનું સંકુલ અને ઈ-લાયબ્રેરી પણ બનાવવાનું આયોજન છે.

આ પ્રસંગે ગાંધીનગર (ઉત્તર)ના ધારાસભ્ય શ્રી અશોકભાઈ પટેલ, દસાડાના ધારાસભ્ય શ્રી પુનમભાઈ મકવાણા, ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળના ચેરમેન શ્રી અશોકભાઈ ભાવસાર, શહેર ભાજપના પ્રમુખ શ્રી નિતીનભાઈ પટેલ, જિલ્લા પ્રભારી સચિવ શ્રી ડૉ. સંજયપ્રસાદ, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણના અગ્ર સચિવ શ્રી જી.આર. આલોરીઆ, જિલ્લા કલેક્ટર શ્રી પી. સ્વરૂપ, મ્યુનિસિપલ કમિશનર શ્રી એલ.પી. પાડલિયા સહિત મહાનગરપાલિકાના કોર્પોરેટશ્રીઓ અને નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ઓળખ પુનઃ મેળવીશું ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પાટનગરમાં છેલ્લા દોઢ દાયકામાં વિકાસના નામે અનેક વૃક્ષોનું નિકંદન થયું છે. નવા વૃક્ષોના ઉછેર અને જાળવણી સામે પણ અનેક પ્રશ્નો મંડરાયા છે. જ્યારે બીજીતરફ લોકજાગૃતિના અભાવ વચ્ચે વૃક્ષ છેદનની પ્રવૃત્તિ વધતા ગ્રીનસીટી બેરનસીટી બનવા તરફ હોવાનો પ્રબળ સૂર ઉઠવા પામ્યો છે ત્યારે શહેરને હરિયાળુ બનાવવા તંત્ર સહીત પ્રકૃતિપ્રેમીઓ પણ પ્રયત્નશીલ બન્યા છે. શહેરના ૪૯મા સ્થાપના દિનની ઉજવણી નિમિત્તે જી.ઈ.બી. ખાતે યોજાયેલા કાર્યક્રમમાં જિલ્લા પ્રભારી સચિવ ડૉ. સંજયપ્રસાદે જણાવ્યું હતું કે ગ્રીનસીટીની આગવી ઓળખ ફરી પ્રસ્થાપિત કરવા માટે નગર હવે અડધાથી પોણા ટકા જ પાછળ છે. આ તબક્કે તેમણે વધુમાં જણાવ્યું હતુ કે નગરના સર્વે નાગરિકોને શહેરને ગ્રીનસીટીનું બિરૂદ પરત અપાવવા વૃક્ષોનુ જતન અને રોપણ કરવું જોઈએ. નગરને ગ્રીનસીટી સાથે સાથે ક્લીનસીટી બનાવવા સ્થાનિક વહીવટી તંત્રો દ્વારા સુચારૂ આયોજન કરવામાં આવ્યું હોવાનું પણ તેમણે જણાવ્યું છે. નગરને સેફર સીટી બનાવવાના આયોજન અંગે પણ તેમણે ભાર મુક્યો હતો.

શબ્દાવલી - ૫૧૩૮



આડી ચાવી

૧. અઢળક, પુષ્કળ (૪)
૪. ખાટકી, નિર્દય રીતે હત્ય કરનાર (૩)
૬. હિંમત, તાકાત (૨)
૭. એક પક્ષી જે હંમેશા સજોડે જ જીવે (૩)
૯. નાના બાળકની બાળ સુલભ કીકીયારી (૪)
૧૧. લપસણી (૫)
૧૨. નાગલોકને... લોક પણ કહે છે (૩)
૧૩. જન્મ દિવસની ઉજવણી (૫)
૧૬. સ્વાહા કરી જવું, ... કરી જવું (૩)
૧૮. બરબાદ (૪)
૧૯. સમાચાર, સંદેશો (૩)

ઊભી ચાવી

૧. જેની કોઇ મિસાલ ના હોય, અજોડ (૪)
૨. ગુજરાતી બીજો મહિનો (૪)
૩. ... કરવું, પ્રસ્તુત કરવું (૨)
૪. ... વ્યક્તિને યોગ્ય સારવાર આપવી જોઈએ (૩)
૫. 'ફકીરી' શબ્દ આડોઅવળો (૩)
૮. પ્રવાહી (૨)
૯. સ્ત્રીઓની ફુરસદનો ઉપયોગ કરવા સ્ત્રીઓ દ્વારા કરાતી પાર્ટી (૪)
૧૦. ... કાઢી નાખવું, મારી નાખવું (૩)
૧૪. ઝાંઝર (૩)
૧૫. કપડું (૩)
૧૬. વાયરો, પવન (૨)
૧૭. 'વડ' શબ્દ ઊંધો (૨)

શબ્દાવલી ૫૧૩૭ના જવાબ

આડી ચાવી :- (૧) ઓરમાન (૩) ખાતરી (૫) થપાટ (૬) ખાતર (૮) શોભા (૯) ફરમાન (૧૨) કંતાન (૧૩) ગજ (૧૫) સંસાર (૧૬) રમત (૧૮) તર (૧૯) મારીચ (૨૧) દિનચર્યા

ઊભી ચાવી :- (૧) ઓળખાણ (૨) નથ (૩) ખાટ (૪) રીતભાત (૭) રફતાર (૧૦) રન (૧૧) નગરચર્યા (૧૨) કંસાર (૧૪) જમ (૧૫) સંતતિ (૧૭) તપસ્વી (૧૯) માન (૨૦) રીચ

સરદાર સરોવર નર્મદા નિગમ લી.

બ્લોક -૧૨/૬, પીઆર શાખા, નવા સચિવાલય, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨ ૫૨૭૩૫

ટુંકી નિવિદા

એગ્રી ટેક એશિયા-૨૦૧૩ (૯ થી ૧૧ સપ્ટેમ્બર)ના પ્રદર્શનમાં નર્મદા યોજનાના સ્ટોલ માટે નીચે મુજબની કરવાની થતી કામગીરી માટે રસ ધરાવતી અનુભવી એજન્સીઓ પાસેથી સીલબંધ કવરમાં ટેન્ડર આમંત્રિત કરવામાં આવે છે. આ અંગેની ટેન્ડરની વધુ વિગતો માટે કાર્યપાલક ઈજનેરશ્રી, નર્મદા મુખ્ય નહેર વિભાગ નં.૨, બ્લોક નં.૯, ૮મો માળ, નવા સચિવાલય, ગાંધીનગર. ફોન નં. ૦૭૯-૨૩૨૫૨૧૧૩ અને ડિઝાઈન તથા અન્ય વિગત માટે નિગમની જનસંપર્ક શાખાનો સંપર્ક કરવો. ફોન નં. : ૦૭૯-૨૩૨ ૫૪૫૯૫

અનુ.	કામની વિગત	અંદાજીત કિંમત	(૧) ટેન્ડર ઈસ્યુ કરવાની છેલ્લી તારીખ (૨) ટેન્ડર સ્વીકારવાની છેલ્લી તારીખ	નોંધ
૧.	એગ્રી ટેક એશિયા ૨૦૧૩ના સ્ટોલમાં સ.સ.ન.નિ.લી.નું પ્રદર્શન તૈયાર કરવા બાબત	રૂ. ૮ લાખ	(૧) ૧૨-૮-૨૦૧૩ (૨) ૨૧-૮-૨૦૧૩	કચેરી સમય પુરો થાય ત્યાં સુધી

વેબસાઈટ : www.sardarsarovardam.org
માહિતી : ૮૯૬/૧૩-૧૪

ખાસ ફરજ પરના અધિકારી (પીઆર)
સસનનિલી, ગાંધીનગર

આખરી જાહેરનામું

જમીન સંપાદન અધિનિયમ ૧૮૯૪ (સને ૧૮૯૪નો ૧લો)

ક્રમ	જિલ્લો	તાલુકો	ગામ	કેસ નંબર
૧.	પાટણ	ચાણસ્મા	કંબોઈ	૨૮/૨૦૧૩

ક્રમ	ક્રમાંક કેસ નંબર		મંજુર કર્યા તારીખ
૧.	ખજસ/પટણ/૧/કલમ-૬	૨૮/૧૩	૧૫-૭-૨૦૧૩

નાયબ કલેક્ટર અને ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી (નર્મદા યોજના) એકમ-૧ પાટણના જાહેરનામા ક્રમાંક :

(૧) ખજસ/જસં/કલમ-૪/એ-૧-૨૮-૧૩, તા. ૨૬-૪-૨૦૧૩

અન્વયે એવું નિર્દેષ્ટ કરવામાં આવ્યું હતું કે આ સાથેની અનુસૂચિમાં દર્શાવેલ (હવે પછી જેનો ઉલ્લેખ 'જમીનો' તરીકે કર્યો છે) જમીનો સાર્વજનિક હેતુ માટે જરૂરી બનવાનો સંભવ છે.

ગુજરાત સરકારશ્રીના મહેસૂલ વિભાગના જાહેરના ક્રમાંક : ધમ/૧૦/૫૭/મ/અધિકા/પરચ/૨૦૧૦/૮૩૨/લ-૧, તા. ૨૬-૮-૨૦૧૦ અન્વયે જમીન સંપાદન ધારાની કલમ-૫૨ (એ) અન્વયે આપવામાં આવેલી સત્તા અન્વયે અમોને (નાયબ કલેક્ટર અને ખાસ જમીન સંપાદન અધિકારી (નર્મદા યોજના) એકમ-૧ પાટણને), જમીન સંપાદન અધિનિયમ ૧૮૯૪ (સને ૧૮૯૪ના લો)ની કલમ ૫ (ક) વિચારણામાં લીધા બાદ એવી ખાતરી થઈ છે કે, હીત સંબંધ ધરાવતા ઈસમો તરફથી કોઇ વાંધો લેવામાં આવેલ નથી અને ઉક્ત જમીનોની આ સાથેની અનુસૂચિમાં દર્શાવેલ સાર્વજનિક હેતુ માટે જરૂરી છે.

આથી ઉકત અધિનિયમની **કલમ-૬**ની જોગવાઈઓ અન્વયે એવું જાહેર કરવામાં આવે છે કે, ઉક્ત જમીનો આ સાથે અનુસૂચિમાં દર્શાવેલ સાર્વજનિક હેતુ માટે જરૂરી છે.

તા. ૨૬-૮-૨૦૧૦ના મહેસુલ વિભાગના જાહેરનામા ક્રમાંક : નં. ધમ/૧૦/૫૭/મ/અધિકા/પરચ/૨૦૧૦/૮૩૨/લ-૧ સાથે વાંચવામાં આવતાં જમીન સંપાદન અધિનિયમ ૧૮૯૪ની કલમ-૩ના ખંડ (ગ) અન્વયે આથી ઉક્ત જમીનનો અંગે હવે પછી હાથ ધરવાની થતી બધી કાર્યવાહીઓ બાબતમાં કલેક્ટરની ફરજો બજાવવા માટે નાયબ કલેક્ટર અને ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી (નર્મદા યોજના) એકમ-૧ પાટણને નીમવામાં આવેલ છે. ઉક્ત જમીનોના સંપાદન માટેનો હુકમ કરવા પણ અધિનિયમની કલમ-૭ અન્વયે મ.વિ.ના તા. ૨૬-૮-૧૦ નં. ધમ/૧૦/૫૭/મ/અધિકા/પરચ/૨૦૧૦/૮૩૨/લ-૧ના જાહેરનામા અનુસાર અમોને સત્તા આપવામાં આવેલ છે.

ઉક્ત જમીનનો નકશો નાયબ ક્લેક્ટર અને ખાસ જમીન સંપાદન અધિકારીશ્રીની કચેરી (નર્મદા યોજના) એકમ-૧, દેવદર્શન કોમ્પલેક્ષ બીજો માળ, પાલિકા બજાર સામે કોલેજ રોડ, પાટણ ખાતે કચેરી સમય દરમિયાન તપાસી શકાશે.

અનુસૂચિ - ૧

જિલ્લો : **પાટણ**, તાલુકો : **ચાણસ્મા**, ગામ : **કંબોઇ**, કેસ નં. **૨૮/૨૦૧૩**

જાહેર હેતુ : સરદાર સરોવર નર્મદા નિગમ લી. હસ્તક નર્મદા યોજનાની **મુખ્ય નહેરના** બાંધકામ માટે.

સર્વે નંબર	જરૂરી જમીનોનું ક્ષેત્રફળ હે.આરે.ચો.મી.	સર્વે નંબર	જરૂરી જમીનોનું ક્ષેત્રફળ હે.આરે.ચો.મી.
૨૪૬	0.1501	Total-1	0.1501

સહી/-
(પી.આર.જોષી)
નાયબ કલેક્ટર અને
ખાસ જમીન સંપાદન અધિકારી
(નર્મદા યોજના૦ એકમ-૧, પાટણ

નામાનિ/પાટણ/૨૦૭/૨૦૧૩-૧૪